કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૭ ● માર્ચ ૨૦૧૬



## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સુવર્ણ જડીત પ્રસાદીના ઉંબરાનું ઉદ્‌ઘાટન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧











૧. વસંત પંચમીના શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં  હજારો સંત-હરિભક્તો સાથે રંગોત્સવ રમતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૨. અંજલી આપણા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા અંગન્યાસ વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલના દશાબ્દી મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વચન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા કથા પારાયણનું રસપાન કરાવતા સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી - જેતલપુરધામ.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૭

માર્ચ-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
Mo. : 9099098969

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | મૂર્તિ | ૦૬ |
| ૦૪. | કૃષ્ણ સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્ | ૦૯ |
| ૦૫. | શિક્ષાપત્રીના પાલનથી વસંતની અનુભૂતિ | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૭ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૦ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૨ |

# અસ્મદીયમ્

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ જીવના કલ્યાણ અને મોક્ષ માટે આપણા સંપ્રદાયમાં ઉત્સવોની અલૌકિક પરંપરા પ્રવર્તાવી છે.

દેશ-વિદેશના આપણા હરિમંદિરથી લઈ શિખરબદ્ધ મંદિરોમાં સતત ને સતત ઉત્સવ સમૈયા થતા રહે છે. જેમાં મૂર્તિ પ્રતિષ્ઠા હોય, પાટોત્સવ હોય, પંચમ, દશાબ્દી, રજત-સુવર્ણ જયંતી, શતાબ્દી, શતામૃત, દ્વિશતાબ્દી એમ અનેક મંદિરોમાં સમયાન્તરે આવા ઉત્સવો ઉજવાતા હોય છે.

ઉત્સવોનો મૂળ ઉદ્દેશ તો ગમે તેવો જીવ હોય પણ તેણે જો આવા ઉત્સવમાં જઈ દર્શન કરી કથા શ્રવણ કર્યું હોય, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શ્રીમુખેથી બે શબ્દ આશીર્વાદના કર્ણ પર્કણ સાંભળ્યા હોય તો અંત સમયે તેને જો આ બધું યાદ આવે તો ચોક્કસ ભગવાન શ્રીહરિનું સ્મરણ થઈ આવે. જેથી તે જીવનું જરૂર રૂડું થાય.

હમણાં હમણાં તો કેટલા ઉત્સવો ઉજવાયા, ઘણા નૂતન મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ તેવા લીલાપુર (મૂળી દેશ) વક્તાપુર, દિયોદર, મોડાસા, ધનસુરા (બનાસકાંઠા) તેમજ મૂળી મંદિર રંગોત્સવ, અંજલી મંદિર, પાટડી મંદિર, નારણપુરા મંદિર, ટોરડા મંદિર, નારણઘાટ મંદિર અને સંપ્રદાયના સૌ પ્રથમ કાલુપુર અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવનો ૧૯૪ મો પાટોત્સવ મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૫ મો સ્થાપના દિન ધામધૂમથી ઉજવાયા. આવા ઉત્સવોમાં યજમાન બની લાભ લેવો તે તો ઉત્તમ છે જ પણ આવા મહોત્સવમાં સ્વયંસેવક બની જે પણ મળે તે સેવા કરવી તે તો અતિ ઉત્તમ છે. ‘‘નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો’’ એમ નાનામાં નાની સેવા જેમ કે, સંત-હરિભક્તોએ જમેલા પતરાળા-થાળી-વાટકા ઉપાડવા અને તે સાફ કરવા, ઉત્સવનું સ્થળ મેદાનની સફાઈ કરવી આ બધી સેવા ખૂબજ શ્રેષ્ઠ છે.

માટે વ્હાલા ભક્તો આપણે કોઈ પણ સેવા મળે તો તે નાની સેવા ન માનવી. હોંશે હોંશે અને શ્રધ્ધા ભક્તિથી પ્રેમથી સેવા કરવી જેથી આપણા ભગવાન પરમકૃપાળુ સર્વાવતારી શ્રીજી મહારાજ આપણા ઉપર ખૂબજ રાજી થશે અને ધર્મકુળ પણ રાજી થઈ અંતઃકરણપૂર્વકના આશીર્વાદ આપશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૬)



### શ્રી સ્વામિનારાયણ

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર) પાટોત્સવ પ્રસંગે પધરામણી

૨ નિકોલ પધરામણી

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર મોડપર (મોરબી) શાકોત્સવ પ્રસંગે પધરામણી

૬ બાલવા ગામે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) પધરામણી

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર વક્તાપુર (પ્રાંતિજ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીના સમૈયો-પાટોત્સવ-રંગોત્સવ પ્રસંગે પધરાણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ કથા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગ પધરામણી.

૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ધનસુરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા, બારેજા અને સરસપુર મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી (મૂળી દેશ) શતાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
સાંજે અંજલી-વાસણા મંદિર કથા પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર રાઉતા (રાજસ્થાન) પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
બપોરે મુંબઈ-થાણા સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ ઉંઝા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭ રાત્રે મુંબઈ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભૂવન (ભુજ કચ્છ મંદિર સંચાલિત) પાટોત્સવ પ્રસંગે વિલે-પાર્લે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

# મૂર્તિ





- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના બીજા સ્કંધના-૧૬ માં અધ્યાયમાં પૃથ્વીદેવીએ ધર્મને કહ્યું કે ભગવાનના સ્વરૂપમાં ઓગણચાલીસ ગુણો જેવા કે, સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, ત્યાગ, સંતોષ, સરળતા, શમ, દમ, તપ, સમતા, તિતિક્ષા, ઉપરતિ, શાસ્ત્રવિચાર, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, વીરતા, તેજ, બળ, સ્મૃતિ, સ્વતંત્રતા, કૌશલ, ક્રાન્તિ, ધૈર્ય, કોમળતા, નિર્ભિકતા, વિનય, શીલ, સાહસ, ઉત્સાહ, બળ, સૌભાગ્ય, ગંભીરતા, સ્થિરતા, આસ્તિકતા, કીર્તિ, ગૌરવ, નિરહંકારપણું આવા ગુણો નિત્ય નિરંતર નિવાસ કરે છે. એક ક્ષણ માટે પણ તેમનાથી અલગ થતા નથી. કલિકાળે ધર્મના ત્રણ ચરણતો પણ ખંડિત કરી દીધા છે. માટે ધર્મના સદ્‌ગુણો ભગવાનની મૂર્તિના આધારે ટકી રહ્યાં છે અને ધર્મ તે ભગવાનની મૂર્તિને આશરીને રહ્યો છે. તે સારુ જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે અને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. ગઢડા મધ્ય-૧૬ માં શ્રીજી મહારાજે આ પ્રસંગ કહ્યો છે.

ભગવાનની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે. (ગ.પ્ર.-૧)

જેને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ નથી થઈ, તેની મતિમાં તો એમ વર્તે છે જે હું અજ્ઞાની છું અને મારુ કલ્યાણ નહિ થાય. (ગ.પ્ર. ૧૪)

ભગવાનનો ભક્ત હોય તેને ખાતા, પિતાં, નાતાં, ધોતાં, ચાલતાં, બેસતા, સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. (ગ.પ્ર. ૨૧)

હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃતિ રાખવાનો અભ્યાસ કરવો. (ગ.પ્ર. ૨૨)

પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિ ધારીને ભગવાનનું ભજન કરે. (ગ.પ્ર. ૨૩)

ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું તેનું નામ અર્ન્તદૃષ્ટિ છે. (ગ.પ્ર. ૪૯)

પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. (ગ.પ્ર. ૬૮)

ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો અનંતકોટી બ્રહ્માંડનાં વિષય સુખ ભેળા કરીએ તો પણ તેના કોટીમાં ભાગની બરાબર થાય નહિ. (સા. ૧)

ગોપાંગનાઓનાં ભગવાન પ્રત્યે ભાગવતમાં વચન છે જે, હે ભગવન્ ! જે દિવસથી તમારા ચરણનો સ્પર્શ થયો છે તે દિવસ થકી તમ વિના જે જે સંસારમાં સુખ છે તે અમને વિષ જેવા લાગે છે. (સા. ૫)

તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતુ નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતુ નથી. તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર તે બાળીને ખોખા જેવું થઈ જાય છે. (કા. ૧૨)

ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેવો પ્રકાશ કરે છે. (લો. ૪)

એ ભગવાનને વિષે તો સર્વે છે પણ મને દેખાડતા નથી એવી જ એની ઈચ્છા છે એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો




એ પરિપૂર્ણ જ્ઞાની છે. (લો. ૭)

ભગવાનની મૂર્તિનું મહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતુ નથી. (ગ.મ. ૪)

ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિષે રાખવું. (ગ.મ.૯)

તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે, તે અતિ પ્રકાશમય છે. અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી અતિશે શ્વેત જણાય છે. તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે. અને અતિશય મનોહર છે. (ગ.મ. ૧૩) (આ વચનામૃતમાં જણાવેલ વર્ણન અનુસાર સમાધિ વાળા આચાર્યશ્રીઓ તથા મોટા સંતોએ અક્ષરધામમાં સદા પ્રગટ કિશોર સ્વરૂપની પ્રતિકૃતિ રૂપે અમદાવાદ મંદિરમાં રંગમહોલમાં વિરાજમાન સ્વરૂપ બનાવેલ છે. તો તે સ્વરૂપ મૂળ સ્વરૂપ હોવાથી તેમનું ધ્યાન કરવું. તેમનું ધ્યાન કરવાથી અક્ષરધામની મૂર્તિ અને રંગમહોલમાં વિરાજમાન ઘનશ્યામ મહારાજની મૂર્તિ એક રૂપ બની જાય છે. અક્ષરધામની પ્રતિકૃતિ આકૃતિ સ્વરૂપ સાક્ષાત્ છે તેમાં અણું માત્રનો ફરક નથી.) માટે રંગમહોલના ઘનશ્યામ મહારાજના સ્વરૂપનું ધ્યાન કરવું. શાસ્ત્રોમાં મૂર્તિનું વિવેચન કહ્યું છે તે ઘનશ્યામ મહારાજનું સ્વરૂપ સાંગોપાંગ છે. સંપ્રદાયમાં ઘનશ્યામ મહારાજની આ મૂર્તિ સર્વ પ્રથમ બની છે. બીજા મંદિરોમાં તેની પ્રતિકૃતિ કરવાનો પ્રયાસ કર્યો છે. આ સ્વરૂપ ૧૩૧ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું છે. સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોતમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩)

ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. (ગ.મ. ૧૬)

જયાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. (ગ.મ. ૪૨)

જેને ભગવાનના સ્વરૂપનો દ્રઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી તોય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે. (વ. ૧)

ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે. તે મૂર્તિને વિષે જ્યારે સમાધિ થાય ત્યારે એક ક્ષણ માત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તે ભજનના કરનારાને એમ જણાય જે, હજારો વર્ષ મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું. (વ. ૯)

જે મારુ દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમ પદને પામશે. (વ. ૧૨)

નેત્રમીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવુ સુખ છે તેવું ચૌદલોકના રાજ્યને વિષે પણ નથી. (વ. ૧૬)

પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય તેને ભગવાનના ચિંતવનના બળે કરીને જ્યારે ઉપશમ

અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મ મરણના હેતુ ન થાય. (અમદાવાદ-૩)

ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતે દેહેજ ભગવાનના ધામને પામી રહ્યો છે. (અ. ૭)

એક ચૈતન્યના તેજનો રાશિ છે તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે, એવો દૃઢ નિશ્ચય હોય અને તે ભગવાનની ઉપાસના ભક્તિ કરતો હોય તે વાત ગમે.

સર્વાવતારી શ્રીજી મહારાજના વચનને હૃદયમાં ધારીએ તો સાર નીકળે છે કે, કળિયુગમાં સર્વ સદ્‌ગુણો ભગવાનની મૂર્તિને આસરીને રહ્યા છે માટે મૂર્તિમાં અત્યંત હેત રાખવું. મૂર્તિમાં પ્રગટ ભાવ રાખવો. અન્તર્યામી જાણવા, સાક્ષાત્ જાણવા. આ એક સાધન એવું છે કે બધા જ સાધનોની સિદ્ધિ એક વાતમાં આવી જાય છે. મૂર્તિમાં પ્રગટ ભાવ ન આવે એ જ મોટું અજ્ઞાન છે. અંતઃકરણ આપોઆપ મૂર્તિની આગળ પાછળ ફરલા લાગશે. તેને જોયા જ કરશે.

મંદિરમાં મૂર્તિની સામે યથાશક્તિ ઉભા રહેવું. અનુકુળતા હોય તો અડધો કલાક અથવા વધુ સામે બેસો તો એવો અનુભવ થવા લાગશે કે આપણે મહારાજ સાથે વાત કરીએ છીએ. જન્મોજન્મના અબોલા સમાપ્ત થઈ જશે. મંદિરમાં ન ફાવે તો ઘરમાં મૂર્તિની સામે બેસો. એક કીર્તન ગાવો. થોડીવાર ધૂન કરો. શાસ્ત્ર વાંચો. તેનું મહારાજને વ્યસન છે. પૂછો મહારાજને, શું સેવા કરુ ? ભગવાન માટે કોઈ વસ્તુ લઈ આવે, દિપાવલી જેવા પર્વમાં ઘરના લોકો માટે નવી ખરીદી કરો ત્યારે મહારાજ માટે પણ લાવો. લાડ લડાવો. ક્યુ કીર્તન સાંભળવું છે ? એમ કહીને કીર્તનની બુકનું પાનું જે પહેલું ખૂલે તે પ્રભુને સાંભળવુ છે એમ માની કીર્તન ગાવો. વ્યવહારનો અને દેખાવનો સત્સંગ કરવાની આદત ઓછી કરીને ભગવાન સાથે એકલા સમય વિતાવો.

શરુઆત કરજો બહુજ આનંદ આવશે. મૂર્તિને જોયા કરો. ધર્મ મૂર્તિમાં રહ્યા છે. ભક્તિમાતા મૂર્તિમાં રહ્યાં છે. જ્ઞાન વૈરાગ્ય આત્મનિષ્ઠાદિ ગુણો મૂર્તિમાં રહ્યા છે. સાકાર ઉપાસનાનો એજ અર્થ છે કે અન્વયસ્વરૂપ વ્યતિરેક બને. બધા જ અર્થ સ્વરૂપ (મૂર્તિ)માં માનવા. શ્રીજી મહારાજે સાકાર સ્વરૂપને પ્રધાનતા આપી છે. એટલે તો મંદિરો કરી મૂર્તિઓ પધરાવી. વળી પૂજવા માટે મૂર્તિયો દરેકને માટે આપી. સાકાર સ્વરૂપનું રહસ્ય સમજો, બધુંજ મૂર્તિના આધારે-આશરે છે. વ્યતિરેક સ્વરૂપને વેદો ઉપનિષદોએ પ્રતિપાદન કર્યુ છે. મૂર્તિને હૃદય આકાશમાં ધારણા કરો. હૃદય સ્થાનમાં ખુલ્લી જગ્યાની કલ્પના કરો, તેમાં મૂર્તિને લાવો, તમે બીજા રૂપે અંદર અવકાશમાં જઈને મૂર્તિને લાડ લડાવો, માનસી પૂજાના પ્રકલ્પોને લાવો, સ્નાન કરાવો, વસ્ત્રો, અલંકારો પહેરાવો, સિંહાસનમાં બેસાડો, ચંદનની ચર્ચા, ફુલમાળા પહેરાવો. ભાવતા ભોજન જમાડો, ભેટો પ્રદક્ષિણા કરો, સાષ્ટાંગ કરો, વૃતિ ચાલી જાય તો પાછી પકડી લાવો. હૃદયના આજુબાજુ ખુલ્લાં આકાશમાં ઉભા રાખો. ગઢડા મધ્યના ૧૩ માં વચનામૃતમાં ધારણા કરવાની રીત સારી રીતે સમજાવી છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં બીજુ બધું ઘણું થાય છે, પણ અગત્યનું મહત્વનું જરૂરી રહી જાય છે. આધ્યાત્મિક જીવનનો પાયો જે છે તે ચૂકી જવાથી સત્સંગ બોજા જેવો લાગ છે. સત્સંગ કરતાં થાકી જવાય છે. સત્સંગમાં માયિક અપેક્ષાઓ વધતી જાય છે. સત્સંગના પથ પર ઈન્દ્રિયો અંતઃકરણને પોષણ આપવામાં સમય વીતે છે. વ્યવહારિક સત્સંગથી મનને સંતોષ આપવાનો પ્રયાસ કરવામાં સફળતા માની લે છે.

મૂર્તિની મનોકામના અષ્ટ આવરણ ભેદવાની શક્તિ ધરાવે છે. કલિયુગમાં મૂર્તિનો એક જ આશરો રાખવો એટલે બીજા સદ્‌ગુણો વિના પ્રયાસે આપો આપ આવી જાય. મૂર્તિને વારંવાર યાદ કરવી.

રંગમહોલ ઘનશ્યામ મહારાજની મૂર્તિનું ધ્યાન કરશો તો અક્ષરધામનું સ્વરૂપ બન્ને એક રૂપ બની જશે. આપણે ખૂબજ ભાગ્યશાળી છીએ કે, અક્ષરધામના મુક્તો જે સ્વરૂપને અખંડ નિહાળી રહ્યા છે. એક એક અંગના દર્શનમાં કરોડો કરોડો વર્ષનો સમય વિતાવે છે તે સ્વરૂપ બહુ જ સુલભ મળ્યુ છે. એથી તો વધુ શ્રીહરિ આપણને શું આપે ?

# ॥ कृष्ण सेवा मुक्तिश्च गम्यताम् ॥

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

જગતના સર્વે જનો આજે મોક્ષ-મુક્તિ મેળવવા માટે ઉપાયો કરે છે પણ મોક્ષ અથવા મુક્તિ મેળવ્યા પછી કરવાનું શું ? તેનો કોઈની પાસે સ્પષ્ટ જવાબ નથી. જો મુક્તિ-મોક્ષ મેળવ્યા પછી પણ સારા-સારાં પંચવિષયો જ ભોગવવાના હોય તો, તેવી મુક્તિ મેળવવાને આટલો બધો દાખડો શા માટે ?

પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં શ્લો. ૧૨૧ માં જણાવે છે કે, ''.......અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.'' ભગવાનની સેવા મળે તે જ મુક્તિ છે. આ સંપ્રદાય તો વર્તનનો-આચારનો છે. આજ્ઞાનું પાલન એ ઉપાસનાની દૃઢતાનો પાયો છે. ધર્મમર્યાદામાં રહીને શ્રીહરિની ભક્તિ-ઉપાસનાથી જ આત્યંતિક કલ્યાણ થાય અને ત્યાર પછી શ્રીહરિની સેવા-દર્શનનું અલૌકિક અખંડ સુખ મળે.

આ લોકમાં પણ આપણે સેવા કોની કરવી, કેવી રીતે કરવી, શા માટે કરવી તે દરેક બાબતો વિષે ખૂબ વિસ્તારથી સંપ્રદાયના ગ્રંથોમાં ઉલ્લેખ છે જ. તેમાંથી કિંચિત્‌માત્રનો આ લેખમાં અહીં ઉલ્લેખ કર્યો છે. ભગવાન શ્રીહરિએ પણ વર્ણીરૂપે હતા ત્યારે, સેવકરામની નિઃસ્વાર્થભાવે સેવા કરી હતી. રામાનંદ સ્વામીના આશ્રમમાં પણ છાણાં વીણવાથી માંડીને સાધુ આશ્રમની દૈનિક દેખરેખની સેવા કરી, સદાવ્રતો બંધાવીને તીર્થવાસીઓની સેવા કરી, બાળ ઘનશ્યામ રૂપે માતા-પિતાની સેવા કરી. આમ આચરણ કરી બતાવીને જ ઉપદેશ આપ્યો. શિક્ષાપત્રી શ્લો. ૧૩૯ માં જણાવ્યું કે, માતા-પિતા, ગુરુ અને રોગાતુર મનુષ્યોની સેવા જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. આ બધાની સેવા તો સામેવાળાની પાત્રતા જોયા વગર, આપણે આપણા જીવનપર્યંત કરવાની છે. આ સેવા તો, નીલકંઠ વર્ણીની જેમ નિઃસ્વાર્થ ભાવે, કોઈપણ આશા અપેક્ષા વગર માત્ર ભગવાનને રાજી કરવા માટે જ કરવી. સેવામાં સ્વાર્થ ભળે એટલે તે ભગવાન સાથેનો સોદો થઈ જાય. સેવાથી જ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય. ધનથી કરેલી સેવા કરતાં દેહથી કરેલી સેવા ચઢિયાતી છે. ધન આપીએ તે મદદ કરી ફાળો આપ્યો કહેવાય પણ દેહથી બીજાનું કામ કરીએ તે સેવા કરી કહેવાય.

ભગવાન શ્રીહરિએ માત્ર સેવા લીધી નથી સેવા કરી પણ છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ. ૮૯ કડી ૨૬ માં લખે છે કે,

**હરિમંદિર સારું હંમેશ,**
**લેવો એકેકુ પથરો શીષ ।**
**આજ અમે પણ એક લેશું,**
**વાસુદેવની ભક્તિ કરીશું ।**
**પછી સોનેરી પાઘને માથે,**
**લીધો છે એક પથરો નાથે ।**

શ્રીહરિનો ઉપદેશ જુઓ, હરિમંદિર સારુ માથે પથરા ઉંચકવા એજ વાસુદેવની સાચી ભક્તિનું સ્વરૂપ છે અને પોતે તે ચરિતાર્થ કરેલું છે. આજથી થોડા વર્ષો પહેલાં જ, ઠાકોરજીના સેવા-પૂજનને અર્થે, સંત હરિભક્તોના રસોડે રસોઈ પ્રસાદ બનાવવા માટે, ઉત્સવ સમૈયામાં મંડપો બનાવવા માટે, સંતો હરિભક્તો માટે ગાદલાં ગોદડીઓ બનાવવા માટે ક્યાંય પગારદાર કર્મચારીઓ ન હતા. તે બધું જ આ સંપ્રદાયના સંત હરિભક્તો મળીને હાથોહાથ કરતા. આજ વિશેષતા આ સંપ્રદાયની છે. મોબાઈલ ફોન જેવાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાંથી કથા-કીર્તન સાંભળવા ઠીક છે, પણ તેનું ઉચ્ચ સ્વરે કરીને શ્રીજી સમક્ષ ગાન કરવું શ્રેષ્ઠ છે.

ગ.અં. ૩૫ માં શ્રીહરિ જણાવે છે ''તેવા છ લક્ષણે યુક્ત સાધુ હોય, એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.'' નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશ પ્ર. ૩૮ માં લખે છે કે, તમને માનશે પૂજશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ।'' શ્રીજીએ સ્થાપેલા આ બે ધર્મવંશી આચાર્યોની સેવાથી આ જીવ મોટા સુખને પામશે તેવું શ્રીહરિનું વચન છે. ગ.મ. ૨૫ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ''જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન અને ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે તેના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'' સેવા તો મલિન વાસના ટાળ્યાનું શ્રેષ્ઠ સાધન છે.

ગ.મ. ૨૮ માં શ્રીહરિ જણાવે છે કે, ‘‘જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે. જે સંતની સેવા કરે છે તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે. અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.’’ શ્રીહરિના આ નિશ્ચયની દૃઢતા આપણે પણ કરવી તો શ્રીજી રાજી થાય. ગ.મ. ૬૩ માં શ્રીહરિ કહે છે કે, ‘‘ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી. ભગવાન અને ભગવાનના ભક્તની ભેળે રહિએ અને તેને અર્થે જે સેવા બની આવે એ જ અતિશય શ્રેષ્ઠ સાધન છે. જીવને બળ પામવાને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.’’

ગ.મ. ૭ માં વચનામૃતમાં શ્રીહરિ કેહ છે કે, ‘‘જે વૈરાગ્ય હિન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે..... તો સર્વે વિકાર માત્ર તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે.’’ આમ કામક્રોધાદિક વિકાર માત્રને તત્કાળ ટાળવાનું અમોઘ શસ્ત્ર સેવા છે. ગ.અં. ૫ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ‘‘મોટા પુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી મહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.’’ મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિનું ઉદ્ભવ સ્થાન પણ આ સેવા જ છે.

ભગવાનના ભક્ત સકામ અને નિષ્કામ એમ બે પ્રકાર છે. શ્રીહરિનો ઉત્તમ ભક્ત નિષ્કામ ભાવે ભક્તિ કરે છે આ નિષ્કામ ભક્તને જ ભગવાને ગીતામાં જ્ઞાની ભક્ત કહ્યો છે અને સકામ ભક્તને અર્થાર્થી કહ્યો છે. માટે ભગવાનના ભક્તને ભગવાનની સેવા વિના બીજું કાંઈ ન ઈચ્છવું. ભગવાનના સંત-હરિભક્ત-ધર્મવંશી આચાર્યની સેવા કરે ત્યારે તેને ભગવાનની સેવા કરવાનું ભાગ્ય સાંપડે. તે શ્રીહરિ ગ.મ. ૫૯ માં વચનામૃતમાં કહે કે, ‘‘ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે તેને તો આ જન્મમાં ભગવાનકે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ.’’ સાચા સંત હરિભક્ત કે ધર્મવંશી આચાર્યશ્રીની સેવા આપણને મળે ત્યારે શ્રીજીના આ વચનો જરૂર યાદ કરવા અને તત્કાળ તે સેવા સ્વીકારીને તેમનો રાજીપો મેળવી લેવો. ધનથી સેવા કરવાની હોય કે સમયનો ભોગ આપવાનો હોય કે અન્નવસ્ત્રાદિકથી સેવા કરવાની હોય કે દેહથી સેવા કરવાની હોય પણ આપણે એ ક્ષણ ઝડપી લેવી. સેવા કરવાની તક જતી ન કરવી. જેના વડે સેવા કરવાની છે તે સર્વે ચીજવસ્તુઓ નાશવંત છે પણ તે સેવા કર્યાનું ફળ શાશ્વત છે તે સમજવું.

ગ.મ. ૪૦ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ‘‘ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રુડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે સાધને કરીને નથી થતું.’’ ભગવાનના ભક્તને સુખી થવાનો સરળ અને સચોટ ઉપાય શ્રીજીએ સેવાનું માધ્યમ જ બતાવેલ છે. સેવા કાર્યમાં વિવેક બતાવતાં શ્રીહરિ ગ.મ. ૩૩ માં વચનામૃતમાં જણાવે છે કે, ‘‘અમને નિષ્કામી ભક્ત હોય તેના હાથની જ કરી સેવા ગમે છે. માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઈ સેવા ચાકરી કરે તો તે એવી ગમતી નથી.’’ શ્રીજીની આ આજ્ઞાનો વિશેષ ખટકો રાખીને આપણે તમામ સેવા પ્રવૃત્તિ કરવી અને તો જ શ્રીહરિ તે સેવા સ્વીકારે. સેવા કરતી વખતે કોઈનો દ્રોહ ન થઈ જાય તેની ખાસ કાળજી રાખવી અને તેમ છતાં ચીવટપૂર્વક સેવા કરતી વખતે, કદાચ કોઈ જીવ દુઃખ થઈ જાય એમ જાણીને નિવૃત્તિ ગ્રહણ કરવી નહી - સેવા કાર્ય પડતું મુકવું નહિ. શ્રીહરિ ગ.પ્ર. ૩૧ માં વચનામૃતમાં જણાવે છે કે, વચને કરીને કોઈને દુઃખવે છે પણ ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે અને નિવૃત્તિને વિશે રહે છે ને કોઈને દુઃખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઈ સેવા થતી નથી તેને અસમર્થ સરખો જાણવો ને ટેલચાકરી કરે છે તેને ભક્તિવાળો કહીએ, તે ભક્તિવાળો શ્રેષ્ઠ છે.

આમ આ સંપ્રદાયમાં સેવાનો મહિમા અપરંપાર છે. મલિન વાસનાની નિવૃત્તિને અર્થે, જીવને સુખ થાય ને રુડું થાય, વિકારમાત્રની નિવૃત્તિને અર્થે આ સેવા જ ઉત્તમોત્તમ સરળ ઉપાય છે. થોડા પુણ્યવાળાને સેવા મળતી નથી. આપણને જ્યારે જ્યારે આવી નાની મોટી તક મળે ત્યારે શ્રદ્ધા રાખીને, શ્રીજી વચનોમાં વિશ્વાસ રાખીને સેવા કરવાની તક ઝડવી લેવી તો શ્રીજીનો અને તેમના જ અપર સ્વરૂપ એવા ધર્મવંશીનો આ જીવ ઉપર રાજીપો થાય અને જીવ કલ્યાણના માર્ગે બળને પામે અને આલોક તથા પરલોકમાં નિશ્ચે મોટા સુખને પામે.

श्री स्वामिनारायण

# શિક્ષાપત્રીના પાલનથી વસંતની અનુભૂતિ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉપાસનાની શુદ્ધિ અર્થે પોતાના જ સ્વરૂપો શ્રીનરનારાયણાદિક દેવોની સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠા કરી, દીક્ષાની સુગમતા માટે પોતાના જ અપર સ્વરૂપે ધર્મવંશમાં સ્વહસ્તે આચાર્ય પદની સ્થાપના કરી તેવી જ રીતે પોતાના આશ્રિતોએ જીવન કેવી રીતે જીવવું તેની માર્ગદર્શિકા રૂપે સર્વ સત્શાસ્ત્રોના સાર રૂપ પોતાના વાંગ્મય સ્વરૂપ શિક્ષાપત્રી સ્વહસ્તે લખીને સંવત ૧૮૮૨ ના વસંતપંચમીના શુભ દિવસે સત્સંગ સમાજને ભેટ આપી. વસંત પંચમી એ શિક્ષાપત્રીની પ્રાગટ્ય તિથિ છે. જેઓ શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન નથી કરતા તેવા જગતના મનુષ્યોના જીવનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખ વૈશાખ અને જેઠના ઉગ્ર તાપની જેમ બારે માસ સતત દઝાડ્યા કરે છે અને દેહ છોડ્યા પછી તો યમયાતના અને લક્ષ ચોર્યાશીના દુઃખોથી ભયંકર રીતે દાઝે છે. શિક્ષાપત્રીના પાલનથી પૃથ્વી પરના મનુષ્ય માત્રના જીવનમાં વસંતઋતુ સદાયને માટે પૂર બહારમાં ખીલી શકે તેમ છે. જેના પૂર્વના પુણ્ય ઉદય થયા હોય તેઓ આ વાતને સમજી શકે છે. આસુરી સંપદાએ યુક્ત જનો માટે આ વાત કામની નથી.

મનુષ્યો જો શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે તો પશુની હિંસા બંધ થઈ જાય, અનીતિ, ભ્રષ્ટાચાર તેમજ લાંચ-રૂશ્વત બંધ થઈ જાય. માનવ ધર્મમાં માનનારાઓએ પણ શિક્ષાપત્રીનો અભ્યાસ અચૂક કરવો. કારણ કે શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સૌ પ્રથમ સાચા માણસ બનતા જ શિખવાડ્યું છે. ત્યાર પછી ઉત્તરાર્ધમાં ભક્ત થતા શિખવાડ્યું છે. જગતની દ્રષ્ટિ આ લોકના સુખ સુધી પહોંચે છે. જ્યારે ભગતની દ્રષ્ટિ પરલોકના સુખ સુધી પહોંચતી હોવાથી તેઓ શિક્ષાપત્રીની ઉત્તરાર્ધની આજ્ઞાઓનું પણ સારી રીતે પાલન કરે છે. વળી શ્રીહરિના આશ્રિતોને શ્રીહરિની આજ્ઞાઓનું બળ હોવાથી તેઓ માનવ ધર્મમાંથી પણ ક્યારેય પડતા નથી.

શ્રીહરિના આશ્રિતો માટે ઈષ્ટદેવ એક સ્વામિનારાયણ ભગવાન હોવા છતા શિક્ષાપત્રીની આજ્ઞાથી આપણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવને પૂજ્યપણે માનીએ છીએ. તેમજ તેનું પૂજન પણ કરીએ છીએ. એટલું જ નહિ પરંતુ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં આ પાંચ દેવો ઉપરાંત ધર્મકુળના કુળદેવ શ્રી રામદૂત હનુમાનજીની પણ મૂર્તિ પધરાવવામાં આવે છે. શ્રી નરનારાયણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી રેવતી બળદેવજી આદિક શ્રીહરિના વિવિધ સ્વરૂપો પણ પધરાવવામાં આવે છે. તેમજ ૧૧ વર્ષની ઉંમર સુધીના માત્ર ઘનશ્યામની જ મૂર્તિ એવું નહિ, તેનાથી આગળ શ્રીનીલકંઠવર્ણી, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નારાયણમુનિદેવ કે શ્રી સ્વામિનારાયણ ભગવાન આદિક મૂર્તિઓ પણ પધરાવવામાં આવે છે. આ મૂર્તિઓના દર્શન માત્રથી સત્સંગીઓના જીવનમાં વસંત લહેરાય છે.

હરિભક્તો માત્ર હરિજયંતી (રામનવમી)નો વ્રત ઉપવાસ નથી કરતા પરંતુ શિક્ષાપત્રી પ્રમાણે જન્માષ્ટમી, શિવરાત્રી, એકાદશી આદિક વ્રત ઉપવાસ પણ કરે છે. સત્સંગીના જીવનમાં શિક્ષાપત્રીમાં લખેલ ધર્મ નિયમ રૂપી ઊંચી દિવાલો હોવાથી તેમજ પ્રત્યક્ષ શ્રીહરિની રખેવાળી (આશ્રયનું બળ) હોવાથી કાળ, માયા, પાપ કર્મ કે યમદૂતનું પણ કંઈ જોર ચાલતું નથી. અંતકાળે સ્વયં શ્રીહરિ પોતાના ભક્તને વિમાનમાં કે રથમાં બેસાડીને પોતાના દિવ્ય અને શાશ્વત અક્ષરધામમાં લઈ જાય છે.

શિક્ષાપત્રીની આજ્ઞાઓનું જગતના લોકો જો પાલન કરવા લાગે તો જુગાર રમાતો બંધ થઈ જાય, ભાંગ્ય, મફર, માજમ, ગાંજો, સિગારેટ-તમાકુ આદિ કેફી દ્રવ્યોના વ્યસનો બંધ થઈ જાય, લોકો પાણી, દૂધ આદિક રસ પદાર્થો કપડાથી ગાળીને પીવા લાગે જેનાથી રોગોનું



પ્રમાણ પણ ઘટી જાય, મિથ્યા અપવાદ-આરોપણ, કોઈને ગાળ દેવી, નિંદા કરવી, ચાડી-ચુગલી કરવી આદિક બંધ થઈ જાય, પોતાનો કે પારકાનો દ્રોહ થતો હોય તેવા આપત્કાળ વિના અસત્ય બોલવાનું બંધ થઈ જાય, કુસંગી, કૃતઘ્ની તથા દુષ્ટ અને પાપી આદિક મનુષ્યોની સોબત છોડવાથી તેના દોષોમાંથી માણસ બચી જાય. ડુંગળી-લસણ આદિક અભક્ષ્ય વસ્તુ ખાવાથી જે દોષ લાગે તેમાંથી માણસ બચી જાય. માર્ગ તથા બાગ બગીચા આદિક જાહેર સ્થળો આપોઆપ સ્વચ્છ રહે. પાન મસાલાની પિચકારીઓ તેમજ તમાકુ-ગુટખાની પડીકીઓ અને બીડી-સિગારેટના ઠુંઠાઓ વગર દરેક સ્થળ સ્વચ્છ રહે. સ્વચ્છતા અભિયાનની આવશ્યકતા ન રહે !

સાધુ પુરુષોનો સમાગમ કરવાથી મોક્ષનો માર્ગ ખુલ્લો થઈ જાય. સૂર્ય ઉગ્યા પહેલા ઉઠવાથી આરોગ્ય આદિક ઘણી બધી રીતે લાભ થાય. નહાવુ. ધોવું, પૂજાપાઠ વગેરે નિત્ય કર્મ કરવું તથા દેવ દર્શને જવું એ મનુષ્ય માત્રનું કર્તવ્ય શિક્ષાપત્રી શિખવાડે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યયુક્ત ભગવાનની ભક્તિ કરીને મોક્ષ સાધી લેવો એ મનુષ્ય જન્મનો પ્રથમ મુખ્ય હેતુ શિક્ષાપત્રી શિખવાડે છે. મોક્ષના સાધ્યો તો કાંઠે આવીને ડૂબ્યા બરાબર છે. દીક્ષા લીધા વિના ભગવાનની સેવા પૂજા કરવાનો કોઈને અધિકાર પ્રાપ્ત થતો નથી. દીક્ષા રહિત મનુષ્યની પરલોકમાં પણ કોઈ રક્ષા કરવાવાળુ નથી. આ દીક્ષમાર્ગની રીતિ શિક્ષાપત્રીમાં નિરૂપણ કરેલ છે.

શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરવાથી ઘરમાં, કુટુંબમાં તથા સમાજમાં સંપની વૃદ્ધિ થાય છે. વ્યવહારમાં લાભ થાય છે. ધનની લેણદેણ લેખિત કરવાથી પાછળથી કલેશ તથા કંકાસ થતો નથી. છેતરપીંડીનો ભોગ બનવું પડતું નથી. શિક્ષાપત્રી વાંચવાથી જીવ, માયા તથા ઈશ્વરનું જ્ઞાન થાય છે. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે. જુદી જુદી કેટેગરીના માણસો સાથે કેવી રીતે વિવેકથી વર્તન કરવું, કેવી વ્યક્તિઓનું સન્માન કરવું, સભામાં કેવી રીતે બેસવું વગેરે તમામ બાબતો શિક્ષાપત્રી શિખવાડે છે. ગૃહસ્થને દ્રવ્ય શુદ્ધિ માટે દશાંસ-વિશાંસ ધર્માદાની અતિ મહત્વની બાબત શિક્ષાપત્રી શિખવાડે છે. દરેક મનુષ્યોની કેટેગરી મુજબના વિશેષ ધર્મોનું શિક્ષાપત્રીમાં શ્રીહરિએ આલેખન કર્યું છે. ગૃહસ્થ પુરુષ માતા-પિતાની સેવા કરે એટલે ઘરડા ઘર પણ બંધ થઈ જાય ! સધવા બાઈઓ જો શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન કરે તો છૂટા છેડાનું પ્રમાણ પણ ઘટી જાય. સાધુ જો સ્ત્રી ધનના ત્યાગ અંગેનો ધર્મ સચોટ પાળે તો સાધુ જીવનમાં તેને ક્યારેય કલંક ન લાગે. ભક્ત બન્યા પછી ઉપાસના તથા ધ્યાન વગેરે તમામ રીત શિક્ષાપત્રી શિખવાડે છે.

શિક્ષાપત્રી માત્ર વાંચી નાંખવા માટે નથી. પરંતુ આચરણમાં લાવીને પોતાના જીવનમાં આ લોક-પરલોકમાં સુખ રૂપ વસંતની લહેરો સદાય માટે લહેરાતી રહે તે માટે છે. મહા સુખિયા થવાનું વચન પણ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં જ આપેલું છે પરંતુ તેની અનુભૂતિ તો શિક્ષાપત્રીના યથાર્થ આચરણથી જ થાય છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં વસંત ખીલી છે. આપણો આપણી સાથે સંવાદ હોય છે તેવો પ્રકૃતિનો સંવાદ હોય છે તે અહીં સંભળાય છે. હાલમાં આપણા પ્રકૃતિપ્રેમી પ.પૂ.મોટા મહારાજશ્રી ની બેઠક બહાર ખુલ્લામાં એક ગઝીબો બનાવી તેમાં કરાઈ છે. પાનખરની વિદાય અને વસંતના વધામણા કરતી પ્રકૃતિ સમક્ષ પૂ.બાપજી બિરાજી ખૂબજ પ્રસન્ન જણાય છે. ચારે બાજુ પૂ. બાપજીની જ પસંદગીના વૃક્ષો પવનથી પોતાના પાનના ખળખળ અવાજ કરી અને પાનને શ્રીહરિના અપર સ્વરૂપ એવા પૂ. બાપજીના ચરણમાં મંદ મંદ ગતિએ વેરી તે જગ્યાના સ્પંદનો (વાઈબ્રેશન)ને જાણે અજાણે પોઝેટીવ કરી નાંખે છે. શ્રીજી મહારાજ સંતો-હરિભક્તો સાથે કોઈ ગામની સીમમાં મ્યુઝિયમના હોલ નં. ૭ માં રખાયેલ ચંદરવા નીચે સભા કરતા હશે ત્યારે આવું જ દ્રશ્ય સર્જાતું હશે. આપણા નંદ સંતો જેવા સમર્થ સર્જક હોયતો અહીં ઘણી રચનાઓ સર્જાય તેમ છે.અહીંના વાતાવરણમાં અણગમાં નો ખાલીપો છે એટલેજ અમદાવાદમાં બીજે ક્યાંય જોવા ન મળે તેવા આકર્ષક પક્ષીઓ મ્યુઝિયમમાં મહેમાન બન્યા છે. આખા મ્યુઝિયમ સંકુલમાં પેબર બ્લોક નંખાઈ રહ્યા છે. જેના કારણે આખું સંકુલ ધૂળ મુકત (ડસ્ટ ફ્રી) બની રહશે.મ્યુઝિયમની અંદર શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના કારણે ખૂબજ દિવ્ય બની રહ્યું છે. અને બહારના ભાગમાં શ્રીજી મહારાજ જેમ વિચરતા અને સભા કરતા તેવી પરંપરાને મ્યુઝિયમના એક ભાગ રૂપેજ જોવી રહી. મ્યુઝિયમમાં આપણી હાજરી એટલે આપણા માટે મોક્ષનું ઢંઢેરા વગરનું જાહેરનામું છે.

તા.૨૧-૨-૨૦૧૬ રવિવારે વિસનગર મંદિરના પાટોત્સવ પ્રસંગે ૮૦૦ થી ૧૦૦૦ ભક્તો એ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. અને તાજેતરમાં એક હરિભક્તે પુત્રજન્મ માટે સંકલ્પ કર્યો હતો તે પૂર્ણ થતાં તેમણે શ્રી નરનારાયણદેવ સમક્ષ પોતાના પુત્રને ચાંદીથી તોલીને તે બધી ચાંદી મ્યુઝિયમમાં અર્પણ કરી હતી.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી - ૨૦૧૬

રૂા. ૪૧,૦૦૦/- કેશવલાલ શંકરલાલ, મંગુબેન કેશવલાલ અને તનસુખભાઈ કેશવલાલ - લાંઘણજ.

રૂા. ૧૧,૦૦૦/- ધીરજભાઈ કે. પટેલ - સાયન્સ સીટી

રૂા. ૧૦,૦૦૦/- અ.નિ. સુધાકરભાઈ જેઠાલાલ ત્રિવેદી - મણીનગર

રૂા. ૫,૧૫૧/- મીઠાભાઈ આદરભાઈ પટેલ - જમિયતપુરા-ગાંધીનગર

રૂા. ૫,૦૦૧/- શ્રી બિપીનભાઈ ગોપાલભાઈ - અમરાઈવાડી.

રૂા. ૫,૦૦૦/- અમૃતલાલ કેશવલાલ પટેલ - વડુવાળા

રૂા. ૫,૦૦૦/- મિલાપભાઈ ભરતભાઈ પટેલ - કુકરવાડાવાળા - ન્યુ રાણીપ

રૂા. ૫,૦૦૦/- મીનાબેન કે. જોષી - બોપલ

રૂા. ૫,૦૦૦/- અ.નિ. સેજલબેન ચંદુભાઈ ઠક્કર - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- અ.નિ. લલીતકુમાર જી. ભટ્ટ - હ. ગં.સ્વ. દેવીયાનીબેન ભટ્ટ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- પોરીયા કવિર અલ્પેશભાઈ - ધૂડકોટ.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ફેબ્રુઆરી - ૨૦૧૬

તા. ૦૩-૦૨-૨૦૧૬ મીનાબેન મહેન્દ્રભાઈ પટેલ - હ. નિધિબેન - અમદાવાદ

તા. ૦૫-૦૨-૨૦૧૬ શ્યામ રવજીભાઈ પટેલ - રાધિકા શ્યામ પટેલ - પ્રગતિનગર, નારણપુરા

તા. ૧૪-૦૨-૨૦૧૬ દિનેશભાઈ પરસોતમદાસ પટેલ - રાણીપ

તા. ૨૬-૦૨-૨૦૧૬ લખમશીભાઈ લાલજીભાઈ ભાવાણી - હ. ભરતભાઈ તથા કાંતિલાલ - સાંધલી - વડોદરા

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કૃપા પ્રદાતા શ્રીહરિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સત્યુગમાં ધ્યાન કરી કરીને ધૂળના રાફડા થઈ જવા છતાં મોક્ષની પ્રાપ્તિની કોઈ ગેરંટી નહોતી, ત્રેતાયુગમાં યજ્ઞો કરી કરીને પોતાની સંપત્તિ ન્યોછાવર કરી દેતા પણ મોક્ષની કોઈ ગેરંટી નહોતી. દ્વાપરયુગમાં સેવા કરી કરીને અડધી જીંદગી ચાલી જાય તો પણ મોક્ષ પ્રાપ્તિ થશે કે નહીં તે ચોક્કસ નહોતું. પરંતુ કલિયુગમાં સ્વામિનારાયણ ભગવાને પ્રગટ થઈને મોક્ષનો માર્ગ સહજ બનાવી દીધો.

**"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ...**
**આજ ધર્મવંશીને દ્વાર......"**

કોઈપણ મુમુક્ષુ ભગવાનના ભાવથી દર્શન કરે તો તેનું પણ શ્રેય થાય. સમર્પણ થોડું હોય કે વધુ પણ ભાવ પ્રધાન સમર્પણ હોય તો સહેજે મોક્ષ મળી જાય છે.

વાત છે એક ભૂદેવની. સ્વામિનારાયણ ભગવાન લોયા ગામમાં સુરા ભક્તના દરબારમાં વિરાજમાન હતા. મહામોટો ભવ્ય શાકોત્સવ ઉજવાયો તે પછીની આ સભા હતી. તેમાં ગામ-બહારગામથી આવેલા ભક્તજનો ભગવાનની પૂજા કરી રહ્યા હતા. કોઈ સોનાના અલંકારો લાવ્યું હતું, કોઈ ભારે ભારે જરિયાની વસ્ત્રો મહારાજને અર્પણ કરતા તો કોઈ વળી રૂપિયા ભરેલા થાળ મહારાજ સમક્ષ મુકતા હતા. ત્યાં એ ભૂદેવ પણ મહારાજ પાસે આવ્યા. એમને જોતા લાગે કે સુદામાથી પણ વધુ ગરીબાઈ એમના શરીરે જોવા મળતી હતી. મહારાજ પાસે ભેટ મુક્યા માથા પર બાંધેલી પાઘડીની ગાંઠો ખોલવા લાગ્યા. એમ કરતાં કરતાં બે ત્રણ ગાંઠો ખોલ્યા પછી રૂપિયો હાથ લાગ્યો. અને તે પ્રભુ ચરણે સમર્પિત કરી દીધો. જીંદગીની એક માત્ર કમાણી આ રૂપિયો હતો.

અંતર્યામી શ્રીહરિએ સભામાં કહ્યું કે ભૂદેવ ! આ રૂપિયો અમારા ચરણે સમર્પિત કર્યો એની જગ્યાએ આ તમારી પાઘડી ફાટી ગઈ છે તો નવી ખરીદી લેવી હતી ને ! ત્યારે ભૂદેવે કહ્યું, મહારાજ ! મારા અંતરમાં ક્યારની ઈચ્છા હતી કે આપને કાંઈક સમર્પણ કરૂં પણ કોઈ ઠેકાણું નહોતું પડતું. હમણાં એક શેઠીયાએ બ્રાહ્મણોને જમવા તેડાવ્યા હતા. બધા ભૂદેવો જમી રહ્યા પછી બધાને એક એક રૂપિયો દક્ષિણા આપી. આ એ રૂપિયો મેં સાચવીને પાઘડીમાં બાંધી દીધો. જેથી જ્યારે મહારાજ પાસે જઈશ ત્યારે અર્પણ કરીશ. પાઘડી તો ફાટી તુટી ચાલે છે પણ મારા અંતરની ઈચ્છા પુરી થઈ તેનો આજે મને ખૂબજ આનંદ થયો છે.

શ્રીહરિએ કહ્યું, ભૂદેવ ! તમે તો સર્વસ્વનું દાન કર્યું છે. કોઈ મોટો ધનપતિ લાખોનું દાન કરે તેના કરતાં પણ આ એક રૂપિયો અધિક છે. શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે - આ ભૂદેવના મોક્ષ માટે કશું જ બાકી રહ્યું નથી. કારણ કે એમણે એમનું સર્વસ્વ અમને સમર્પિત કરી દીધું છે. ભગવાને રાજી થઈને આ ભૂદેવને અભયવર આપ્યો અને એક રૂપિયાનો બદલો અનેકગણો આપ્યો.

**"કોઈનો ભાર ન રાખે મુરારી,**
**આપે વ્યાજ સહિત ગિરધારી."**

એક રૂપિયાના દાનથી, ભાવ સમર્પણથી મોક્ષનું વરદાન તો મળ્યું પરંતુ આજીવન સુખેથી જીવ્યા. ઠાકોરજીને ભાવથી કાંઈ પણ સમર્પણ કરવામાં આવે તો ઠાકોરજી તેનાથી અનેકગણું ફળ તે સમર્પણ કરનારને આપે છે. કૃપા પ્રદાતા શ્રીહરિની કૃપાનો પાર નથી. માટે ભગવાનની કૃપાના પાત્ર બની રહેવું એ ભક્તનું ઉત્તમ લક્ષણ છે.

•

## ભગવાને ભક્તની રક્ષા કરી

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ઘણીવાર એવું જોવા મળે કે જે નિતીથી, ધર્મથી વહેવાર ચલાવતા હોય તે દુઃખી હોય અને અનિતીથી કોઈને દુઃખી કરીને પણ સુખેથી જીવતા હોય. પણ એક વાત ચોક્કસ છે કે અંતે વિજય તો જે સત્ય અને નિતીથી ધર્મપાલન કરતા હોય તેનો જ થાય છે. હા, ઘણી મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડતો હોય પણ પોતાના ઈષ્ટદેવ પ્રત્યે જે શ્રધ્ધા રાખે તેનું કામ કરવા ભગવાન સદાય તત્પર હોય છે.

વાત છે કડી પાસેના કુંડાલ ગામની. કુંડાલ ગામમાં કલો ભગત સ્વામિનારાયણ ભગવાનના નિષ્ઠાવાના હરિભક્ત, મહારાજનું ભજન, ભક્તિ, સેવા, સત્સંગમાં સો ટચના સોના જેવા આ હરિભક્તની ખેતી દ્વારા ઘરની આજીવિકા ચાલે. ભગવાનની એવી કૃપા કે થોડી મહેનતે પણ તેમની વાડીમાં મબલખ પાક થાય.

કલા ભગતની આવી સુખ, સમૃદ્ધિ જોઈને આજુબાજુવાળાના પેટમાં તેલ રેડાય. તેઓ ગમે તે ભોગે કલા ભગત કેમ દુઃખી થાય તેની યુક્તિઓ વિચારવા લાગ્યા. તે બધાના ખેતર પણ કલા ભકતની વાડીની આજુબાજુમાં જ હતા. આ પાંચ છ જણાઓએ ભેગા મળીને નક્કી કર્યું અને કલા ભગતને કહી દીધુ - તું આ વાવે છે તે ખેતર અમારૂં છે. તારે એમાં પગ મુકવાનો નહીં. અત્યાર સુધી અમે તને ખેતર ખેડવા દીધું પણ એ તારૂં નથી અમારૂં છે. કલો ભગત કહે, આ તો વરસોથી બાપદાદા વખતથી અમે આ ખેતરના માલિક છીએ, અને અમે જ વાવીએ છીએ. પેલા દુષ્ટો કહે, એ બધું ન ચાલે. આ ખેતર તારૂં નથી. આ તો અમે સારા કે આટલો વખત તને ખેડવા દીધું. પણ હવે નહી બને.

આ બધાને ખબર કે આપણે આ ખેતરમાં કલાને જવાની ના પાડીશું તો તે બહુ બહુ તો ક્યાં જશે ? સરકારમાં, આપણે ત્યાં પણ પહોંચી વળીએ. કડી જઈને સરકારી અધિકારીઓને લાંચ આપી આવ્યા. અને કલાની વાત ન સાંભળવા કહી દીધું. કલા ભગતે, ઘણા પ્રયત્નો કર્યા છતાં કોઈએ સાંભળ્યું નહીં. ત્યારે ન છુટકે કલા ભગત સરકારમાં ન્યાય માટે કડી ગયા. ત્યાં જઈને રજૂઆત કરી પરંતુ લાંચ લીધેલી તેથી કોઈએ કલા ભગતની વાત સાંભળી નહીં. પછી કલા ભગતે ભગવાનને હૈયામાં ધારી ઘણી વિનંતી કરી એટલે અધિકારીઓએ કહ્યું - સારૂં અમે આવીશું અને તારે ધર્મનો ન્યાય આપવો પડશે. એમાં જે સાચું હશે તે ખબર પડી જશે.

બીજા દિવસે પેલા અધિકારીઓ બે-ચાર માણસોને લઈને કુંડાલ આવ્યા. કલા ભગતનું જ્યાં ખેતર હતું ત્યાં બધા ભેગા થયા. આજે તો આખું ગામ ભેળું થયેલું. અને ત્યાં નક્કી કરવામાં આવ્યું કે આ લોખંડનો ગોળો અગ્નિમાં તપાવી લાલચોળ થાય એટલે હાથમાં ઉપાડીને કલા ભગતે એનું જેટલામાં ખેતર હોય તેટલામાં આંટો મારવાનો. જો હાથ ન દાઝે તો જેટલામાં આંટો માટે તેટલું ખેતર એનું. બધાના મનમાં કુતુહલ હતું કે શું થશે ! પેલા દુષ્ટો તો વિચારતા હતા કે કલાના હાથ બળી જશે અને આ ખેતર આપણું થઈ જશે.

ખેતરના એક છેડે અગ્નિ સળગાવી તેમાં ગોળો બરાબરનો તપાવ્યો. ગોળો તપીને બરાબર લાલચોળ થયો. અને આ અધિકારીઓએ કલા ભગતને આ ગોળો હાથમાં ઉપાડીને આંટો મારવાનું ફરમાન કર્યું. કલો ભગત વિચાર કરવા લાગ્યા - હે મહારાજ ! મારી રક્ષા કરજો. મારે તો તમારો ભરોંસો છે. મારી લાજ રાખજો. ત્યાં તો સાધુ રૂપે શ્રીહરિએ કલા ભગતને દર્શન આપીને કહ્યું - ‘‘ઉપાડ ગોળો, જોઈ શું રહ્યો છે ?’’ કલા ભગતે ગોળો ઉપાડ્યો અને પોતાના ખેતરના છેડે છેડે ચાલવા લાગ્યા.

પેલા દુષ્ટોને થયું કે આ કલાના તો હાથ પણ દાઝતા નથી. જો એ આપણા ખેતરમાં જશે તો એ પણ એનું થઈ જશે. પણ આ તો કલા ભગત હતા. પોતાનું જ જે ખેતર હતું તેના છેડે છેડે ફર્યા ને પાછા આવી ગોળો જમીન પર મુક્યો તો જમીન પરનું ઘાસ પણ સળગવા માંડ્યું. એ જોઈ સૌને પ્રતિતિ થઈ કે ગોળો બરાબર ધગધગતો હતો. પેલા દુષ્ટોના મોં કાળા થઈ ગયા. પેલા અધિકારીઓએ આખા ગામ સમક્ષ કાગળ દસ્તાવેજ કરી દીધા કે કલા ભગત સાચા છે. અને આ ખેતર એમનું જ છે. અને ત્યાં જયજયકાર થયો.

**સ્વામિનારાયણ ભગવાનની જય......**

**સ્વામિનારાયણ ભગવાનની જય......**

**કલા ભગતનો જય હો........**

# ભક્તિસુધા

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)
એકાદશી સત્સંગ સભા પ્રસંગે
કાલુપુર મંદિર-હવેલી)

**"ગમે તેવી મુશ્કેલીમાં પણ શ્રધ્ધા ડગવી જોઈએ નહિ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જે વ્યક્તિને પરમાત્મા, સત્‌શાસ્ત્ર અને સત્પુરુષમાં શ્રધ્ધા હોય છે તેનું જ જ્ઞાન ટકીને રહે છે. એવું કહેવાય છે કે સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ ટકે છે. જેવી રીતે દિપક તેલ વગર નથી રહી શકતો, નાવ પાણીમાં જ તરી શકે છે. તેમ શ્રધ્ધા વગર જ્ઞાન ટકતું નથી. પ્રત્યક્ષ રીતે 'શ્રધ્ધા' અને 'વિશ્વાસ' હોવા જોઈએ. શાસ્ત્રમાં પણ અમુક વસ્તુ એવી હોય છે કે આપણને સમજાતી નથી. આપણી બુદ્ધિમાં તે વસ્તુ બેસતી નથી. તો પણ માનવું જોઈએ. કેમ કે, તે સત્ય છે. જો આજથી સો વર્ષ પહેલા કોઈ એવી વાત કરે કે એક જ રૂમમાં બેસીને આખી દુનિયામાં ગમે ત્યાં વાત કરી શકાશે તો સ્વાભાવિક છે કે સો વર્ષ પહેલા કોઈના માનવામાં ન આવે એ સમયે કદાચ સમજી ન શકાય. પરંતુ આજે આ હકીકત છે બધાની પાસે મોબાઈલ છે. તો આગળ જોઈએ તો શાસ્ત્રમાં અમુક વસ્તુ હોય છે. તેવું વાસ્તવિકતામાં થાય છે. તો શાસ્ત્રમાં શ્રધ્ધા રાખવી જોઈએ.

એક વખત એક ભાઈ સમુદ્રમાં નાવ લઈને જતા હતા તો નાવ પલટી ખાઈ ગઈ તો સામે એક ટાપુ હતો તો ત્યાં પહોંચી ગયા. પછી ત્યાંથી પાછું જઈ શકાય તેમ ન હતું. શ્રધ્ધા હતી કે અહીંયા બે ત્રણ દિવસ રોકાઈ જઈશ કાંઈક રસ્તો નીકળશે. કાંઈક મદદ મળી જશે. તો ત્યાં ઝૂંપડી જેવું બનાવ્યું અને રહેવા લાગ્યા. તો એક દિવસ રાત્રે વરસાદ પડ્યો તેમા ખૂબ વીજળી થઈ. તો વીજળી ઝૂંપડી પર પડી અને ઝૂંપડી સળગવા લાગી તેથી શ્રધ્ધા તુટી ગઈ અને ભગવાનને કહેવા લાગ્યા કે મેં શું પાપ કર્યું છે ? તો મને હેરાન કરો છો. તો ત્યાં ચાર-પાંચ લોકો દૂર દરિયામાં મુસાફરી કરી રહ્યા હતા. અગ્નિ જોઈને તેમને થયું કે ટાપુ ઉપર કોઈ મુસીબતમાં છે. જેથી તે લોકો તે ભાઈને બચાવવા માટે ત્યાં પહોંચી ગયા. તો ઝૂંપડી સળગી ગઈ તેમાં પણ તેનું હિત જ છુપાયેલું હતું. તો કહેવાનો અર્થ છે કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ શ્રધ્ધા નહિ ગુમાવવાની. કોઈ પણ મુશ્કેલી એવી છે જ નહિ કે જેનું સમાધાન ન હોય, મુશ્કેલી આવે તો સમાધાન પણ મળી જાય છે. કોઈપણ મકાન એવું હોતું નથી કે જે બિલકુલ બારી બારણા વિનાનું હોય. કહેવાનો અર્થ છે કે ભગવાને બધા દરવાજા બંધ રાખ્યા હોતા નથી. ક્યારેક એવું બને છે કે સ્હેજ ધક્કો મારીએ તો પણ ખૂલી જાય છે. પરંતુ આપણે પ્રયત્ન કર્યા વગર બહારથી જોઈને જ માની લઈએ છીએ કે બંધ છે. ક્યારેક વધારે પણ ખખડાવવું પડે છે. તો ખુલ્લી જાય છે.

થોમસ એડિસન વૈજ્ઞાનિક હતા. જેમણે ઈલેકટ્રિક બલ્બનો આવિષ્કાર કર્યો હતો. તેમા એક હજાર વખત નાકામ ગયા પછી તેમને સફળતા મળી. પ્રથમ તો તેઓ ટ્રેનમાં ચા વેચતા હતા અને ઓછું સાંભળતા હતા. તેમાં એક વખત ટિકિટ ચેકરે તેમને લાફો મારી દીધો તો જે થોડું સાંભળતા હતા તે પણ બંધ થઈ ગયું. ત્રણ વરસ સુધી કાનમાં એવું ને એવું રહ્યું. પછી પૈસા મળ્યા તો દવા કરાવી તો સારૂ થયું. તો લોકોએ તેમને પૂછ્યું કે તમે કેવી રીતે ત્રણ વરસ વિતાવ્યા. તો તેમણે કહ્યું કે બહારના કાન ખુલ્લાં ન હતા. પરંતુ અંદરનું કાર્ય તો ચાલુ હતું. તો તેમને ત્રણ વરસમાં એવું કામ થયુ કે જે ક્યારેય નહોતુ થયું. આ ત્રણ વરસમાં આ બધા પ્રયોગો કર્યા. કહેવાનો અર્થ છે કે ધીરજ ન ખૂટી જવી જોઈએ. જ્યારે આપણા જીવનમાં તકલીફ આવે છે ત્યારે ભગવાન એવી કાંઈક વસ્તુ આપી દે છે જે આપણને જીવન જીવવામા સહાયક બને છે. ધીરજ રાખવાની અને કોશિષ કર્યા કરવાની. જે લોકો સમુદ્રમાં ડુબકી લગાવે છે તે અંદર જઈને કાંઈકને કાંઈક કાઢી લાવે છે. કિનારા પર બેસી રહે છે તેના હાથમાં કાંઈ આવતુ નથી. અમુક એવું ટેન્શન હોય અને ગ્રુપમાં બધા ભેગા

થઈએ તો એવો કાંઈક ઉકેલ આવી જાય છે. તો એ ભગવાન કોઈને પ્રેરણા કરે છે.

આપણે બહાર જગતમાં જોઈએ છીએ તો બીજા બધા લોકો પર અને દીકરા દીકરી ઘરના સભ્યો હોય તો વિશ્વાસ મુકીએ છીએ. ક્યારેય એવું નથી થતુ કે કાલે મને છોડીને જતા રહેશે. ગાડીના ડ્રાઈવર પર કેટલો બધો ભરોંસો હોય છે. આરામથી ઉંઘી જઈએ છીએ. ડ્રાઈવરને કહી દઈએ છીએ કે મને અહીંયા જવુ છે.

આપણે પરમાત્મા પ્રત્યેનો વિશ્વાસ રાખીએ તો તે આપણા આત્મ વિશ્વાસને વધારે છે. નિરાશા દૂર થઈ જાય છે. જીવનમાં આગળ વધવાની હિંમત આવે છે. વિશ્વાસ ખૂબ અગત્યની વસ્તુ છે. પિતા પુત્ર હોય અને પુત્ર ચારિત્ર્યવાન ન હોય તો પિતા બધુ બતાવી દેતા નથી. અને પુત્ર ચારિત્ર્યવાન અને આજ્ઞાકારી હોય તો પિતા કાંઈ પણ છાનું રાખતા નથી. તેમ પરમાત્મા પણ આપણને અત્યંત શ્રધ્ધા હોય તો બધું જ્ઞાન આપી દે છે. તો તમારા બધાની શ્રધ્ધા અને વિશ્વાસને પરમાત્મા ખૂબ દઢ કરે તેવી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.

●

## આજ્ઞા-વિધિ-નિષેધ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સમગ્ર વિશ્વના સર્જનહાર પરમાત્માનું સર્વ શ્રેષ્ઠ સર્જન એટલે માનવ. પરમાત્માએ અન્ય કોઈ સર્જનને જે નથી આપ્યું તેવું દાન પોતાના સર્વશ્રેષ્ઠ માનવને વિનામૂલ્યે આપેલ છે. તે બુદ્ધિદાન. માનવીના પરમ કલ્યાણ માટે જ પરમાત્માએ માનવને સારાસારનો વિવેક સમજી શકે એવી બુદ્ધિનું દાન વિના મૂલ્યે એક માત્ર માનવીના હિત માટે જ આપેલ છે. તેથી આ બુદ્ધિ નો સર્વ શ્રેષ્ઠ ઉપયોગ કરી માનવી પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવન જીવે તો તેને ૮૪ લાખ યોનિમાં જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવીને જીવાત્માનું પરમ કલ્યાણ પ્રાપ્ત કરી શકે. તે માટે માનવીએ પોતાના સર્જનહાર પરમાત્માની આજ્ઞા પ્રમાણે જ જીવન જીવવું જોઈએ. આવી રીતે જીવન જીવે તો માનવીને મળેલાં ચિંતામણી તુલ્ય મનુષ્યદેહ ને સાર્થક કર્યો ગણાય છે. અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને એમના શ્રેષ્ઠ સર્જન એવા માનવીઓ પૈકી કોઈ પણ **માનવીનો અવાજ અને મુખારવિંદ એક સરખું જોવા નહિ મળે.** જે અવાજ અને જે મુખારવિંદ, એક માનવીને આપ્યું તે બીજાને કદી આપવાનું નહિ. દરેક માનવીના અવાજ જુદા ને દરેક માનવીના મુખારવિંદ જુદા. વિચાર તો કરો કે પરમાત્મા પાસે અવાજ માટે કેટલો જથ્થો હશે. અને મુખારવિંદ માટે કેટલાં બીબા હશે. આજે પૃથ્વીની ઉત્પત્તિ અબજો વરસોથી થઈ છે. તેમ છતાં કોઈ એક માનવી બીજા માનવીને અવાજથી અને મુખારવિંદથી આબેહૂબ દેખાવ મળતો આવતો નથી. પરમાત્માએ આવી અજોડ સર્જન શક્તિ માનવીને આપી છે.

દરેક સર્જનહાર એવી ઈચ્છા રાખે કે મારૂં સર્જન મારી આજ્ઞા પ્રમાણે રહે. આજે મા-બાપની ઈચ્છા હોય જ કે મારો પુત્ર અને મારી પુત્રી મારી આજ્ઞામાં રહે. તેમાં કદાચ થોડો સ્વાર્થ હશે. પણ પરમાત્માનું સર્જન એટલે માનવી. હમેંશા પરમાત્માની આજ્ઞામાં રહે તેમાં કરોડો માવતર કરતાં કરોડગણું હિત કરનાર પરમાત્માનો કોઈ સ્વાર્થ નથી. પરમાત્માની આજ્ઞામાં રહે તો પરમાત્મા તેની ઉપર જરૂર રાજી થાય છે. પરમાત્માની આજ્ઞાઓ ધર્મ શાસ્ત્ર શિક્ષાપત્રીમાં સ્પષ્ટપણે જણાવી છે. **આ આજ્ઞાઓ ૨ પ્રકારની હોય છે. (૧) નિષેધાત્મક આજ્ઞાઓ (૨) વિધેયાત્મક આજ્ઞાઓ.** આ આજ્ઞાઓમાં પ્રથમ નિષેધાત્મક આજ્ઞાઓ એટલે નાકારાત્મક આજ્ઞાઓ. આ આજ્ઞાઓમાં પરમાત્માએ **"આમ ન કરવું"** એવી આજ્ઞાઓ કરેલી છે. જેમ કે ચોરી ન કરવી. વ્યભિચાર ન કરવો. દારૂ ન પીવો. માંસ ન ખાવું. હિંસા ન કરવી. જૂઠું ન બોલવું. ક્રોધ ના કરવો. અભિમાન ન કરવું. માન રાખવું નહિ. સ્વાર્થ ન રાખવો. અનિતી ન કરવી. બહારનું ખાવું-પીવું નહિ. કોઈની નિંદા ન કરવી. પોતાના વખાણ ન કરવા. કોઈ દેવ-દેવીની નિંદા ન કરવી. જ્યાં ત્યાં થૂકવું નહિ. તેમજ મળમૂત્ર કરવા નહિ. યાત્રા કરતી વખતે પારકું અન્ન ખાવું નહિ. દેવ મંદિરે દર્શન કરવા જઈએ તથા આચાર્ય-ગુરુ પાસે દર્શન કરવા જઈએ ત્યારે ખાલી હાથે જવું નહિ. કોઈનું અપમાન ન કરવું. સભા પ્રસંગમાં અથવા મોટા પુરુષો તથા વડીલોની સામે ઉંચા આસને બેસવું નહિ તેમજ ઢીંચણ બાંધીને બેસવું નહિ. ક્યારેય ગાળ બોલવી નહિ, અસત્ય બોલવું નહી. ભાંડ ભવાઈ જોવા જવું નહિ. કુસંગનો સંગ કરવો નહિ. કોઈનો દ્રોહ કરવો નહિ. વગેરે વગેરે નાની-મોટી અનેક નિષેધાત્મક આજ્ઞાઓ છે. આ આજ્ઞાઓનું પાલન એટલે કે આવું કદી કરવું નહિ. તોજ પરમાત્મા રાજી થાય છે. અને આ

આજ્ઞાઓનો ભંગ કરવામાં આવે તો તે પાપ કર્મ છે. અશુભ કર્મ છે. જેનાથી કર્મબંધન થાય છે. ને પરમાત્મા પણ નારાજ થાય છે. આ આજ્ઞાઓનું પાલન કરવામાં આવે તો પરમાત્મા રાજી થાય. ને તે કર્મ પુણ્ય કર્મ કહેવાય છે. ને કર્મબંધન પણ થતું નથી.

પરમાત્માની બીજી વિધેયાત્મક આજ્ઞાઓમાં પરમાત્માએ **"આમ કરવુ."** એવી આજ્ઞાઓ કરી છે. શિક્ષાપત્રી શાસ્ત્રમાં કહ્યું છે જે, સૂર્યોદય પહેલા ઉઠવું. દરરોજ પૂજા કરવી. વડીલો મા-બાપની સેવા કરવી. પોતાની જવાબદારી અને ફરજોનું હમેંશા નિઃસ્વાર્થ ભાવે પાલન કરવું. સાયંકાળે ભગવાનનાં મંદિરે દર્શન કરવા જવું ને ઉચ્ચે સ્વરે કીર્તન-ગાન કરવું. અતિથિનો આદર સત્કાર કરવો. ગુરૂની અને રોગીની યથા શક્તિ સેવા કરવી. આવક-જાવકનો હિસાબ રાખવો. રૂડા અક્ષરે નામું લખવું. ભગવાનની કથા-વાર્તાનું અખંડ અનુસંધાન રાખવું. સત્પુરૂષોનો સમાગમ કરવો. ધર્મ-ભક્તિ-ત્યાગ-સેવા-પરાયણ જીવન જીવવું. દરેકની સાથે વિવેક મર્યાદા અને આમાન્યા રાખીને વિનય અને આદર પૂર્વક વાણી-વર્તન-વહેવાર કરવો. પોતાની આવકમાંથી પરમાત્માનો ભાગ-દશાંશ-વિશાંશ ધર્માદો કાઢવો. દેવ-મંદિરની સેવા કરવી. પોતાના પરિવારનું અને પોષ્ય વર્ગ તેમજ આશ્રિતજનોનું રક્ષણ અને પોષણ કરવું. સમાજ સેવા, વતન સેવા ને દેશ સેવા કરવી. એકાદશી, જન્માષ્ટમી આદિક વ્રત કરવાને તેમનું ઉદ્યાપન પોતાના સામર્થ્ય પ્રમાણે યથા શાસ્ત્ર કરવું. વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતીને સૂર્ય આ પાંચ દેવને પૂજ્યપણે માનવા. શ્રાવણ માસને વિષે શ્રી મહાદેવજીનું પૂજન જે તે બિલ્વ પત્રાદિકે કરવું. વગેરે વગેરે અનેક પ્રકારની નાની-મોટી વિધેયાત્મક આજ્ઞાઓ છે. આ આજ્ઞાઓનું પાલન એટલે ''આમ કરવુ.'' આ આજ્ઞાઓનું પાલન કરવામાં આવે તો પરમાત્મા રાજી થાય છે. ને જીવાત્માનું પરમ કલ્યાણ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. ને જે આજ્ઞાઓનું પાલન નહિ કરે તેને પાપ કર્મ લાગે છે. ને જો આજ્ઞાઓનું પાલન કરશે તેને પુણ્ય કર્મ થાય છે. જો આ આજ્ઞાઓનું પાલન કરવામાં ન આવે તો તે દોષ પાત્ર-પાપકર્મ બને છે.

પરમાત્માની બન્ને પ્રકારની આજ્ઞાઓમાં માનવીને પ્રથમ શુદ્ધિ માટેની આજ્ઞાઓ છે તે નિષેધાત્મક આજ્ઞાઓ છે. અને ત્યારબાદ વૃધ્ધિ માટેની આજ્ઞાઓ છે. તે વિધેયાત્મક આજ્ઞાઓ છે. **ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે સર્વ જીવ હિતાવહ "શિક્ષાપત્રી" નામની નાનકડી ધર્મ શાસ્ત્ર પુસ્તિકા લખી છે.** તેમાં પ્રથમ નિષેધાત્મક આજ્ઞાઓનો ઉલ્લેખ છે. ત્યાર પછી વિધેયાત્મક આજ્ઞાઓનો ઉલ્લેખ છે. જેમ કે કોઈ માનવી બિમાર પડે ત્યારે ડૉકટર પાસે તેની દવા અને સારવાર માટે જાય છે. ત્યારે ડૉકટર તેની તપાસ કરીને દવા-ગોળી-ઈંજેકશન આપે છે. સાથે સાથે કહે છે કે ચિંતા ન કરવી. તેલ-મરચું-ઘી જમવામાં લેવા નહિ. ભારે ખોરાક જમવો નહિ. વગેરે આમ ન કરવું. એવા નિષેધાત્મક સૂચનો કહે છે. પછી વિધેયાત્મક સૂચનો કહે છે જે દવા નિયમિત લેજો. આરામ કરજો, હલકો ખોરાક લેજો વગેરે. આમ કહે છે. પરમાત્માની શુદ્ધિ (નિષેધાત્કમ) અને વૃધ્ધિ (વિધેયાત્મક) આજ્ઞાઓના પાલન અત્યંત જરૂરી છે. જેનાથી સુખ થાય છે ને દુઃખ દૂર થાય છે. પરમાત્માની વિધિ નિષેધની તમામ આજ્ઞાપાલનમાં સુખ પ્રાપ્ત થાય છે. અને તેના ઉલ્લંઘનમાં દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી માનવીના જીવનમાં સુખ પ્રાપ્ત કરવું હોય અને પ્રાપ્ત કરેલા સુખને કાયમ ટકાવી રાખવું હોય તેમજ દુઃખને દૂર કરવું હોય તો માનવીએ અખંડ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની તમામ પ્રકારની આજ્ઞાના પાલન સાથે જ મન-કર્મ-વચનથી જીવન જીવવું જોઈએ. અને પરમાત્માની આજ્ઞાઓનું જો અજાણે પણ મન-કર્મ-વચનથી ક્યારેય પણ ઉલ્લંઘન થાય નહિ તેનું સતત અનુસંધાન રાખવું જોઈએ. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ''વચનવિધિ'' ગ્રંથમાં કહ્યું છે કે-

**"સો વાતની એક વાત છે નવ કરવો આજ્ઞાલોપ,**
**રાજી કરવાનું રહ્યુ ખરૂં પણ, કરાવિયે નહિ હરિને કોપ."**

જો ભગવાનને રાજી કરવા હોય તો આજ્ઞા લોપ કરવો નહિ. શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જ રહેવાનો ખટકો રાખવો. અસ્તુ

**વચનામૃત (૨૭૩) ની પેન ડ્રાઈવ મેળવી લેશો**

સમસ્ત હરિભક્તોને સહર્ષ જણાવવાનું જે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી કાલુપુર મંદિર દ્વારા રેકોર્ડિંગ વચનામૃત (૨૭૩) ગ્રંથની મુખવાણી સાંભળવા માટે પેન ડ્રાઈવ વસાવો.

સાહિત્ય કેન્દ્ર
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ''છેલ્લી વાત એ છે માની લે જો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રેજ્યો રે, શિક્ષાપત્રી માંહિ અમે રે શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે.'' - સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં ઉપરની કડીઓની નોંધ ક્યાં કરી છે ?

